# મનપામાં દસકાનો સમય વીતી ગયા બાદ પાંચ સમિતિઓની રચનાની હિલચાલ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મનપામાં વિવિધ સમિતિઓની રચના કરવા માટે આગળ વધશે અને આ દિશામાં હાલના તબક્કે પાંચ જેટલી સમિતિઓની રચના કરશે તેવા સ્પષ્ટ સંકેત મળ્યા છે.

મનપામાં હાલ માત્ર એક જ સમિતિ છે અને તે સ્થાયી સમિતિ છે. મનપાની હદ વધી છે તેમજ તેના કાર્યભારણમાં પણ વધારો થયો છે એટલે સમિતિઓની રચના કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે. જો કે ભાજપના સભ્યોની સંખ્યા ૪૧ છે જ્યારે સ્થાયી સમિતિમાં માત્ર ૧૨ જ સભ્યોને સમાવવામાં આવ્યા છે એથી સભ્યોમાં પણ શરૂ થયેલો ગણગણાટ શાંત થાય તે માટે આ સમિતિઓની રચના કરી સૌને સાથે રાખવાનો પ્રયાસ કરાશે.

મનપા પાસે હાલ તો આમ તો સત્તાવાર રીતે માત્ર સફાઈની સેવા છે પરંતુ જે રીતે કામગીરીનું ભારણ વધી રહ્યુ છે તેથી સમિતિઓની રચના અંગેની સક્રિય વિચારણા હાથ ધરાઈ છે. મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ સમિતિઓની રચના અંગેની કામગીરી એકાદ મહિનામાં જ આટોપી લેવામાં આવશે.

મળતા સંકેતો મુજબ શહેરના ઉદ્યાનો અને રંગમંચોના સંચાલન માટે એક સમિતિ રચવામાં આવશે. શહેરની હદ વધતાં મનપાને ટાઉન પ્લાનીંગ અને બી.યુ. પરમિશનની સત્તા હોવાથી આ અંગે પણ એક સમિતિ રચવામાં આવશે. આ ઉપરાંત સેનીટેશન તેમજ શિક્ષણ અને આરોગ્ય સમિતિની રચના કરવામાં આવશે.

**બગીચા-રંગમંચ સમિતિ, ટાઉન પ્લાનીંગ સમિતિ, સેનીટેશન આરોગ્ય તેમજ શિક્ષણ સમિતિની રચના હાલ કરાય તેવી હિલચાલ**

મળતી વિગતો પ્રમાણે હાલ આરોગ્ય, ઉદ્યાન અને રંગમંચ સમિતિ તેમજ સેનીટેશન કમિટીની મુદત સવા વર્ષની રાખવી કે અઢી વર્ષની રાખવી તેને લઈ મંથન ચાલી રહ્યુ છે. અમદાવાદમાં આ સમિતિઓની રચના અને મુદત એક વર્ષની હોવાનું જાણવા મળેલ છે.

મનપામાં સમિતિઓની રચનામાં સમિતિઓનું કદ પાંચ કે સાત સભ્યોની રાખવાની સંભાવના હોવાનું જાણવા મળેલ છે. જો કે આ સમિતિઓની રચના અને અન્ય આનુસંગિક કામગીરીને લઈ તાત્કાલિક અહેવાલ તૈયાર કરવા માટે જણાવી દેવાયાનું પણ જાણવા મળેલ છે.

મનપાની રચના થયા પછીના એક દસકા બાદ સમિતિઓની રચના માટેની વિચારણા કરવામાં આવી રહી છે એટલે મનપાનું તંત્ર અને ચૂંટાયેલી પાંખે મૌન ધારણ કર્યુ છે પરંતુ આ મુદ્દે ચર્ચાઓનો ગણગણાટ મનપાની ગલિયારીઓ અને કાઉન્સીલરોના સમર્થકોમાં છાને છપને થતી ચર્ચાઓમાં સાંભળવા મળી રહ્યો છે.

મનપામાં ભાજપે જે પ્રચંડ વિજય મેળવ્યો છે તે પછી હવે પહેલીવાર આ દિશામાં કામગીરી હાથ ધરવામાં આવી છે. સમિતિઓની રચના બાબતે અન્ય મનપાઓની વહીવટીય કામગીરીનો મુદ્દો પણ મહત્વનો હોઈ તે અંગે અભ્યાસ કરવામાં આવી શકે છે.

હાલ તો મનપામાં કાર્યભારણ જે રીતે વધ્યુ છે તેને ધ્યાને લઈ તંત્ર દ્વારા લોકાભિમુખ વહીવટીય અભિગમ અપનાવવા પર ભાર મુકવામાં આવ્યો છે.

# ફેબ્રુઆરી માસમાં આકરી ગરમી દઝાડે છે

**મહત્તમ તાપમાન છેલ્લા કેટલાય દિવસોથી સતત ૩૫ ડિગ્રીની ઉપર રહે છે : જ્યારે રાત્રિના સમયે હજુ ઠંડક અનુભવાય છે**

ગાંધીનગર, તા. ૨૦

ફેબ્રુઆરી માસના બીજા પખવાડિયામાં ગરમી ધીમે ધીમે વધી રહી છે. દિવસે મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીથી વધુ અનુભવાઈ રહ્યુ છે જ્યારે લઘુત્તમ તાપમાન હજુ ૧૫ ડિગ્રીથી નીચે રહેતા બેવડી ઋતુનો અનુભવ વસાહતીઓ કરી રહ્યા છે.

આ વર્ષે જાન્યુઆરી માસમાં રેકોર્ડ ઠંડી પડ્યા બાદ છેલ્લા કેટલાય દિવસોથી આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. ફેબ્રુઆરી માસ શરૂ થયો તે સાથે જ ઠંડી ઘટવાની શરૂઆત થઈ હતી. તડકો આકરો બનતા ધીમે ધીમે ગરમી વધવાની શરૂઆત થઈ હતી. ફેબ્રુઆરી માસના બીજા પખવાડિયામાં તો ગરમીએ જાણે નવા રેકોર્ડ બનાવવા હોય તેમ મહત્તમ તાપમાન ઉંચકાવા લાગ્યુ હતુ. છેલ્લા કેટલાય દિવસોથી મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીથી વધુ નોંધાઈ રહ્યુ છે. જો કે લઘુત્તમ તાપમાન હજુ ૧૫ ડિગ્રીથી નીચે રહેતા બેવડી ઋતુનો અનુભવ થાય છે. દિવસ અને રાતના તાપમાનમાં મોટો તફાવત રહેતા વાયરલ ઈન્ફેક્શન અને ખાંસીના દર્દીઓ વધ્યા છે. બપોરના સમયે ઘરની બહાર નીકળો તો આકરો તડકો સહન કરવો પડે છે. ઘરે અને કચેરીઓમાં પંખાની સ્પીડ વધી ગઈ છે. એરકુલર અને એસી પણ ક્યાંક ક્યાંક ચાલુ થઈ ગયા છે. આગામી દિવસોમાં ગરમીનો મિજાજ વધુ ઉગ્ર બનશે તેવુ લાગી રહ્યુ છે.

## ગુજરાતના પૂર્વ રાજ્યપાલશ્રી ઓમ પ્રકાશ કોહલીજીને રાજ્યપાલશ્રીની અંજલિ

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પૂર્વ રાજ્યપાલ શ્રી ઓમ પ્રકાશ કોહલીજીના નિધન અંગે અત્યંત દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે કહ્યું કે, સ્વર્ગસ્થ શ્રી ઓમ પ્રકાશ કોહલીજીની સરળતા અને દેશ પ્રત્યેનો સમર્પણ ભાવ સદાય સ્મરણમાં રહેશે.

શ્રી ઓમ પ્રકાશ કોહલીજી ૩૭ વર્ષો સુધી હંસરાજ કોલેજ અને દેશબંધુ કોલેજમાં વ્યાખ્યાતા રહ્યા હતા. તેઓ રાજ્યસભાના સાંસદ પણ રહ્યા છે. શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રે પણ તેમનું યોગદાન અનન્ય રહ્યું છે.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ અંજલિ આપતાં કહ્યું કે, ઈશ્વર સદગત શ્રી ઓ. પી. કોહલીજીના આત્માને ચિર શાંતિ સાથે પોતાના ચરણોમાં સ્થાન આપે.

# શહેરના દબાણકારો સામે તંત્રની લાલ આંખ

**૧૬ લારી અને ૩૯ છાપરા દૂર કરાયા : વન વિભાગ, મનપા, પોલીસ, પા.યો. વિભાગની સંયુક્ત ટીમ બનાવી ઝુંબેશ આરંભાઈ : એક માસ સુધી ચાલશે**









ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં વધતા જતા દબાણોની સમસ્યાને હલ કરવા માટે વન વિભાગ, મનપા, પોલીસ, પાટનગર યોજનાની સંયુક્ત ટીમ બનાવી આજથી દબાણ હટાવ ઝુંબેશનો આરંભ કરાયો છે. આ ઝુંબેશ એક માસ સુધી ચાલશે તેમ જાણવા મળેલ છે.

નવા તેમજ જુના સેક્ટરોમાં જે રીતે દબાણોની સમસ્યા ઉભી થઈ છે અને ફરિયાદો વધી જતાં હવે મનપાએ આ અંગે સંયુક્ત ટીમ બનાવી કામગીરી કરવાનો નિર્ણય કર્યો છે.

આજે આ દબાણ હટાવવાની કામગીરી સે. ૬ની સત્યાગ્રહ છાવણીથી હાથ ધરવામાં આવી હતી. ટીમે આજે ૧૬ જેટલી લારીઓ જપ્ત કરી છે અને ૩૯ જેટલા છાપરા હટાવી દીધા હોવાનું જાણવા મળેલ છે.

મનપાની સંયુક્ત ટીમ દ્વારા આજથી આરંભાયેલ આ દબાણ હટાવવાની ઝુંબેશ પરિણામલક્ષી બને તેવી નગરજનોની લાગણી છે. જો કે આ ઝુંબેશના દિવસો અને તેના થોડા સમય બાદ પાછા આ દબાણો મૂળ સ્થિતિમાં આવી જતા હોય છે.

શહેરમાં સતત વધી રહેલા દબાણને કારણે પાર્કિંગ તેમજ ટ્રાફિક અને ગંદકી સહિતની સમસ્યાઓ ઉભી થતી હોય છે અને લાંબા સમયથી વધી રહેલા આ દબાણો નગરજનો માટે શિરદર્દ સમાન બની ગયા હતા.

દબાણોને લઈ મનપાને મળેલ ફરિયાદો પછી મનપાએ વન વિભાગ, પા.યો. વિભાગ તેમજ પોલીસને સાથે રાખી સુયોગ્ય

● અનુસંધાન પાન-૭ પર

## મનપાએ આજે મિલ્કતવેરા પેટે રૂ. ૫૩ લાખ વસુલ્યા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મનપા દ્વારા હાથ ધરાયેલ વેરા વસુલાતની ઝુંબેશમાં આજ સુધીમાં રૂ. ૪૬ કરોડ ૫૩ લાખ જેટલી વસુલાત મેળવવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે એક્ઝીબીશન સેન્ટર દ્વારા આજે ૪૦ લાખ રૂ. જેટલી રકમ મનપામાં જમા કરાવવામાં આવી છે. મનપાને આજે વેરા વસુલાત પેટે રૂ. ૫૩ લાખ જેટલી આવક થઈ હોવાનું જાણવા મળેલ છે.

મનપા દ્વારા આગામી દિવસોમાં વેરા વસુલાતને વધુ સઘન બનાવવામાં આવશે.

છેલ્લા પખવાડિયાથી મહાનગર પાલિકા દ્વારા મિલકત વેરા સંદર્ભે વસુલાતનું અભિયાન ચલાવાયું છે. ૪૦ કરોડ જેટલો મિલકત વેરો સરકારી ઈમારતોનો બાકી હોવાથી એ પણ આજકાલ ગાંધીનગરમાં ચર્ચાના એરણ પણ છે.

# ચ-૩ સર્કલથી સેક્ટર-૭/૮ના વિસ્તારમાં અંધારપટ છવાયો

ગાંધીનગર, તા. ૨૦

ચ-રોડ પર હાલ મેટ્રો ટ્રેનના ટ્રેકની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ કામગીરીના કારણે આ રોડ પર ચ-૩ થી સેક્ટર-૭/૮ બસસ્ટેન્ડ વિસ્તાર અને ચ-૩ થી છ-૩ સર્કલ સુધીના વિસ્તારમાં અંધારપટ છવાઈ ગયો છે. રાત્રિના સમયે અહીંથી પસાર થતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

મોટેરાથી ગાંધીનગર શહેર સુધીના રૂટ પર મેટ્રો ટ્રેનના ટ્રેક નાંખવાની કામગીરી હાલમાં પૂરજોશમાં ચાલી રહી છે. ચ-રોડ પર ઠેર ઠેર ટ્રેકના કોલમ ઉભા કરવા પાયા ખોદવામાં આવ્યા છે. ખાસ કરીને સેક્ટર-૭/૮ બસસ્ટેન્ડથી ચ-૩ સર્કલ અને પોલીસભવન સુધીના માર્ગ પર આ કામગીરી દિવસ-રાત ચાલી રહી છે. મેટ્રો ટ્રેકની કામગીરીના કારણે અહીં રસ્તાની વચ્ચે ઉભા કરાયેલા વીજપોલ કાઢી નંખાયા છે. વીજપોલ માટે હજુ સુધી કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવી ન હોવાથી અહીં અંધારપટ છવાયો છે. મુખ્ય માર્ગ પર જ અંધારપટ છવાતા અહીંથી પસાર થતાં વાહનચાલકોને તકલીફ પડે છે. રાત્રિના સમયે

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં ઈન્ટરનેશનલ પિડિયાટ્રિક્સ એસોસીએશનની ૩૦મી કોંગ્રેસનો પ્રારંભ

**ઈન્ટરનેશનલ પિડિયાટ્રિક્સ એસોસિયેશનની ૩૦મી કોંગ્રેસ-ઈન્ડિયન એકેડમી ઓફ પિડિયાટ્રિક્સની ૬૦મી એન્યુઅલ મીટિંગનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ : 'ક્વોલિટી કેર ફોર એવરી ચાઈલ્ડ-એવરીવેર'ની આ કોન્ફરન્સની વિષયવસ્તુને ગુજરાતે બાળકોના હોલિસ્ટિક હેલ્થકેર એપ્રોચથી સાકાર કરી છેઃ મુખ્યમંત્રીશ્રી**





ગાંધીનગર, તા.૨૦

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં ઈન્ટરનેશનલ પિડિયાટ્રિક્સ એસોસિયેશનની ૩૦મી કોંગ્રેસ અને ઈન્ડિયન એકેડમી ઓફ પિડિયાટ્રિક્સની ૬૦મી વાર્ષિક સભાનો શુભારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ 'ક્વોલિટી કેર ફોર એવરી ચાઈલ્ડ, એવરીવેર'ના વિષયવસ્તુ સાથે યોજાઈ રહેલી આ કોન્ફરન્સની થીમ ગુજરાતે બાળકોની હોલિસ્ટિક હેલ્થકેર એપ્રોચથી સાકાર કરી છે તેવો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આપણી ભાવિ પેઢી, ઉજ્જ્વળ આવતીકાલ સમાન બાળકોને સ્વસ્થ-તંદુરસ્ત રાખીને સર્વેસન્તુ નિરામયાનો મંત્ર ચરિતાર્થ કરનારા પિડિયાટ્રિશિયન્સ દેવદૂતરૂપ છે.

તેમણે ઉમેર્યું કે, ગુજરાત સરકાર શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમનો સઘન અમલ કરીને દર વર્ષે અંદાજે દોઢ કરોડથી વધુ બાળકોની વિનામૂલ્યે આરોગ્ય તપાસ કરે છે.

એટલું જ નહીં, નાનાં બાળકોને ન્યુમોનિયાથી રક્ષણ આપતી પી.સી.વી. વેક્સિનના ૩૬ લાખ ડોઝ રાજ્યના ૧૩ લાખ ભૂલકાઓને નિઃશુલ્ક આપવામાં આવ્યા છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં દેશની પ્રથમ એડવાન્સ્ડ ટેક્નોલોજીયુક્ત બાળ હૃદયરોગ હોસ્પિટલ અમદાવાદના યુ.એન. મહેતા સંકુલમાં કાર્યરત થઈ છે. તેમણે ઓ.આર.એસ.ના શોધક અને પિડિયાટ્રિશિયન્સના માર્ગદર્શક ડો. દિલીપ મહાલનોબિસના મહત્વપૂર્ણ યોગદાનનું સ્મરણ કર્યું હતું.

આ કોન્ફરન્સના પ્રારંભ અવસરે IAP પ્રેસિડેન્ટ-૨૦૨૩ ડૉક્ટર ઉપેન્દ્ર કીંજવાડેકર, IPA પ્રેસિડેન્ટ ઈલેક્ટ ડોક્ટર નવીન ઠાકર, IPA પ્રેસિડેન્ટ પ્રોફેસર એન્વર હસનોગ્લુ, IAP પ્રેસિડેન્ટ-૨૦૨૨ ડોક્ટર રમેશકુમાર, IAP પ્રેસિડેન્ટ-૨૦૨૪ ડોક્ટર બી. વી. બસવરાજા, રિસેપ્શન કમિટી ચેરપર્સન ડોક્ટર રાજુ શાહ તેમજ ડોક્ટર ઉદય બોધનકર, IPA કોન્ગ્રેસ પ્રેસિડેન્ટ ડોક્ટર બકુલ પારેખ, ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી ડોક્ટર ચેતન ત્રિવેદી અને ડોક્ટર વિનીત સક્સેના તથા દેશ-વિદેશના પિડિયાટ્રિક ડોક્ટર્સ ઉપસ્થિત રહ્યા હતા.

## જાહેર નિવિદા

કોર્પોરેશન પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ અંતર્ગત નીચે જણાવેલ સ્ટાફની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત ભરવા તથા તેની પ્રતિક્ષાયાદી બનાવવા સદરહુ જાહેરાત આપવામાં આવેલ છે. માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા. ૨૦/૨/૨૦૨૩ થી તા. ૨૬/૨/૨૦૨૩ સુધીમાં સાંજના ૬-૦૦ કલાક સુધી આરોગ્ય સાથી સોફ્ટવેરની લિંક https://arogyasathi.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

ઉપરોક્ત પોસ્ટ માટેની જરૂરી લાયકાત ઉંમર અંગેની સ્પષ્ટતા ઉચ્ચક માસિક વેતન તથા અનુભવ અંગેની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | જગ્યાનું નામ | કુલ જગ્યા | શૈક્ષણિક લાયકાત અને અનુભવ |
|---|---|---|---|
| ૧ | મેડીકલ ઓફીસર (પુરુષ) પગાર રૂ. ૨૫,૦૦૦/- | ૦૧ | (૧) BAMS/BSAM/BHMS માન્યતા મળેલ યુનિવર્સિટી કે કોલેજમાંથી પાસ કરેલ હોવું જોઈએ.<br>(૨) ઉમેદવારે હોમિયોપેથીક/આયુર્વેદિક કાઉન્સીલ ઓફ ગુજરાતમાં રજીસ્ટ્રેશન કરેલું હોવું જોઈએ.<br>(૩) ઉમેદવાર ગુજરાતી / હિન્દી / અંગ્રેજી ભાષાનો જાણકાર હોવો જોઈએ.<br>(૪) ૪૦ વર્ષથી વધુ ઉંમર ન હોવી જોઈએ.<br>(૫) ભારતનો રહેવાસી હોવા જોઈએ. |

**શરતો અને નિયમો :**

આ જગ્યાઓ ફક્ત ૧૧ માસ કરાર આધારિત છે. ૧૧ માસ બાદ કરાર આધારિત જગ્યાઓનો આપોઆપ અંત આવશે. કાયમી નોકરી માટેનો હક્કદાવો કરી શકશે નહી. નિમણુંક પામેલ ઉમેદવારોની અન્ય જિલ્લામાં બદલી થઈ શકશે નહિ. ઉમેદવારની ફક્ત ઓનલાઈન લિંક https://arogyasathi.gujarat.gov.in પર મળેલ અરજીઓ જ સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ / ટપાલ / કુરીયર થી મળેલ કે અધૂરી વિગતો વાળી અરજી અમાન્ય ગણાશે. જાહેરાતમાં દર્શાવેલ લાયકાત મુજબના તમામ સાધનિક કાગળો અપલોડ કરવાના રહેશે. અધૂરી માહિતી કે ક્ષતિવાળી અરજીઓ માન્ય ગણવામાં આવશે નહીં. સુવાચ્ય અસલ પ્રમાણપત્રની ફોટોકોપી સોફટવેરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે. રસ ધરાવતા ઉમેદવારોએ તા. ૨૦/૨/૨૦૨૩ થી તા. ૨૬/૨/૨૦૨૩ સાંજે ૬-૦૦ કલાક સુધી ઉપર જણાવેલ લીંકમાં અરજી કરવાની રહેશે. વય મર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ વયમર્યાદાની ગણતરી કરવામાં આવશે. એટલે કે તમામ ઉમેદવારોના કિસ્સામાં વય મર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૬/૨/૨૦૨૩ની સ્થિતીને ધ્યાને લેવામાં આવશે. પસંદગી અંગેની તેમજ ઈન્ટરવ્યુ અંગેની તમામ સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીને અબાધિત રહેશે.

**મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ**
**ગાંધીનગર મહાનગરપાલિકા**

પરમ પવિત્ર પુરૂષોત્તમ માસમાં
ભગવાન શ્રી બાલકૃષ્ણની લીલાભૂમિ
વૃંદાવનની પાવન ધરતી પર
શ્રીમદ્ ભાગવત્ કથા અને યાત્રા
વક્તા : પ.પૂ.શ્રી કન્હૈયાલાલજી મહારાજ
યાત્રા પ્રારંભ : તા. ૦૯/૦૮/૨૦૨૩ યાત્રા વિરામ : તા. ૧૮/૦૮/૨૦૨૩
ગોકુલ, વૃંદાવન, નંદગાંવ, બરસાના, સંકેતવટ, ગોવર્ધન, મહાવન, રમણરેતી, શ્રી કૃષ્ણ જન્મ ભુમિ મથુરા, આગ્રા, તાજમહેલ અને લાલ કિલ્લો
યાત્રાના ખર્ચ પેટે વ્યક્તિ દીઠ રૂા. ૯,૦૦૦/- નોન એ.સી. ટ્રેન ટિકીટ,
● સ્પે. રૂમ માટે પહેલાથી જાણ કરવાની રહેશે.
● ચાર મહિના પહેલા ટિકીટોનું બુકિંગ કરવાનું હોય તા.30/03/2023 સુધીમાં રૂા. ૫,૦૦૦/- એડવાન્સ પેટે જમા કરાવી નામ રજીસ્ટ્રર્ડ કરાવવાનું રહેશે.
વધુ વિગત માટે : ૐકાર ગ્રાફિક્સ એન્ડ ઝેરોક્ષ, બી-૫, શાલિન કોમ્પ્લેક્ષના ભોંયરામાં, ૧૭/૨૨, બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર-૨૨, ગાંધીનગર.
કનૈયાલાલ પંડ્યા - ૯૪૨૮૨ ૧૭૫૫૭, નટુભા જાડેજા - ૯૩૨૭૧ ૫૯૯૯૮
જે.સી. પટેલ - ૯૨૬૫૬ ૯૫૬૬૮,
શ્રી ચંદ્રકાન્તભાઇ જાની (સુરત), મો.નં. ૯૯૨૪૧ ૪૦૪૦૯

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com